## કર્તવ્ય ધર્મ

એક ચીસ સંભળાઇ અને રાજમાર્ગ પર ચાલ્યો જતો લેખક ચમકી ગયો. એક હરિજન બાળાના જમણા પગના અંગૂઠે નાગે ડંખ માર્યો હતો. લેખક ત્યાં દોડી ગયો. વિષ બીજા અંગોમાં પ્રસરી ન જાય તે માટે એને કંઇ ન જડતા પોતાની જનોઇને જ તોડી એના પગે બાંધી અને ડંખના ભાગ પર ચપ્પુથી કાપ મૂક્યો. વિષમિશ્રિત કાળું લોહી બહાર ધસી આવ્યું, બાળા બચી ગઈ !

આ વાત સાંભળી બ્રાહ્મણો ચમક્યા જનોઈ ઢેયડીના પગમાં ! જોઈ લો, કળિયુગનો પ્રભાવ ! નાત ભેગી થઇ. અપરાધીને નેતાએ ગર્જના કરી: “શું છે તારું નામ?” “મહાવીર પ્રસાદ દ્વિવેદી” લેખકે ઉત્તર આપતાં સામો પ્રશ્ન કર્યો. “હું આપને જ પૂછું : જનોઈ પવિત્ર કે અપવિત્ર ?” “પવિત્ર” “એક બીજી વાત પૂછું: પ્રાણની રક્ષા કરવાનું કાર્ય પવિત્ર કે અપવિત્ર?” “એ તો પવિત્ર જ હોય ને?” નેતા જરા ઢીલા પડ્યા.

“પવિત્ર જનોઈથી પ્રાણદાનનું પવિત્ર કાર્ય કર્યું એમાં મેં શો અપરાધ કર્યો?” આ શબ્દો સાંભળી ઘણા દ્રવી ગયા. જુનવાણીઓની નિદ્રા ઊડી ગઈ. તનથી નહિ, મનથી સહુ નમી પડ્યા!



# દિવ્યદીપ

વર્ષ ૪ થું

અંક ૯ મો

આ પણ એક આશ્ચર્ય છે ને ? માણુસ અપરાધ કરતાં હસે છે પણ એની સજા ભોગવવાનો અવસર આવતાં રડવા બેસી જાય છે! આ હસવા અને રડવા કરતાં કાર્ય કરતી વખતે વિવેક આવે તો કેવું સારું ?

‘ચિત્રભાનુ’

# * કરુણા વિહોણી અહિંસા? *

જે વસ્તુની માંગ વધારે હોય તેની નકલ થાય જ. સોનાની રોલ્ડગોલ્ડ, મોતીની કલ્ચર અને હીરાની ઈમિટેશન ડાયમન્ડ બનાવટી નકલ છે. પણ ધૂળની નકલ કે બનાવટ કોઈ જ કરતું નથી. તેમ ધર્મ પણ કીમતી છે અને તેની માંગ બહુ જ છે, એટલી બનાવટ અને નકલ થઈ રહી છે. કેટલા સંપ્રદાયો અને કેટલા પ્રચારકો આજ ધર્મને માટે નીકળી પડ્યા છે! માટે જિજ્ઞાસુએ પૂરી મીમાંસા અને પરીક્ષા કરીને જ આગળ વધવું જોઇએ.

આજે અનેક સંપ્રદાયો પોતાને સિદ્ધ કરવા નવી નવી વાતો મૂકે છે, જેને લીધે માનવીનું મન ગૂંચવાઈ જાય છે. મગજમાં એક ઘર્ષણ ઊભું થાય છે, confusion create થાય છે. શું સાચું અને શું ખોટું? એ વખતે સત્ય ભુલાઈ જાય છે અને પ્રચારને કારણે માનવી ખોટે રસ્તે દોરવાઈ જાય છે.

પહેલાના જમાનામાં ધર્મના નામે કાશીમાં કરવત મૂકાતી અને આજે પણ ધર્મના નામે મહાકાળીના મંદિરમાં પશુઓની કતલ થાય છે અને મક્કામાં પથરા ઉપર જીવોના ઘાણ નીકળે છે. માટે જ સર્વ ધર્મ સમાન ન કહેવાય. એમ કહેવામાં સમજ પણ નથી અને સત્યનું દર્શન પણ નથી.

જેમાં દર્શન નથી, દયા નથી અને દાનની વૃત્તિ નથી એને ધર્મ કહેવાય જ કેમ?

આજે એક વિચારશ્રેણી ઝડપથી ઘણાના મનમાં પ્રવેશ કરી રહી છે, એનાં લાભ અને નુકસાન આપણે સમજવાં જોઇએ.

એક school of thought કહે છે કે કોઇ જીવ મરતો હોય, એને આપણે બચાવીએ અને માનો કે એ જીવ આપણા પ્રયત્ન અને પુરુષાર્થથી બચી જાય તો બચ્યા પછી એ જીવ જેટલાં પાપ કરે એ પાપનો ભાગ બચાવનારને ફાળે જાય. આ એક તર્કની વાત છે અને એમાં પણ કુતર્ક મનમાં જલદી ઘૂસી જાય છે.

એક ભિખારી રસ્તામાં પડ્યો હોય, રોગથી ટળવળતો અને દર્દથી પીડાતો હોય, એને જોઇને તમારું હૃદય કદાચ દ્રવી જાય અને તમે એને મદદ કરીને જીવાડો તો જીવનદાન મેળવ્યા બાદ એ ભિખારી ફરી જીવવા માટે થોડી હિંસા કરે તેનું પાપ બચાવનારને લાગે! માટે મરતા જીવને, પીડાતા જીવને બચાવવો જ નહિ. કારણકે એ મરી જાય તો પાપ કરતો બંધ થાય અને પાપ કરતો બંધ થાય તો દુનિયામાં એટલા પાપ ઓછાં થાય. તર્ક–વિતર્ક કેવો સરસ છે?

એક જીવ મરી રહ્યો છે, તરફડી રહ્યો છે અને તું એ જુએ તેમ છતાં પણ તારા હૈયામાં કરુણા ન વહે, તારા હૃદયમાં દયાનું ઝરણું ન વહે, તે પીડિતને જોઈ તને એમ ન થાય કે લાવ દોડીને જાઉં અને આને બચાવું તો તું માનવી શાનો? તું ધર્મી શાનો?

જેની કરુણા સૂકાઈ ગઈ, જેની દયા મરી ગઈ એનો તો ધર્મ જ મરી ગયો, એ તો જીવતો અધર્મી છે. એ પોતે જ હિંસક બની જાય છે.

દયા અને કરુણા એ તો માણસાઈનાં લક્ષણો છે. જ્યાં જ્યાં દયા અને કરુણા છે ત્યાં ત્યાં ધર્મ છે, જ્યાં જ્યાં દયા અને કરુણા નથી ત્યાં ત્યાં ધર્મ નથી.

એક શ્લોક કલ્પસૂત્રની ટીકામાં આવે છે: કરુણાની નદીના કિનારે ધર્મોના છોડ ઊગ્યાં છે. એ નદીના કરુણાના પાણી જ સૂકાઈ જાય તો પછી કિનારે ઊભેલાં ધર્મનાં છોડ લીલા કેમ રહે? એ સૂકાઇને બળ્યા વિના રહે?

રસ્તાના માનવીની કે ભિખારીની વાત તો જવા દો પણ એક પુત્ર એમ વિચારે કે પિતા માંદા પડ્યા છે, એમને ઉપચારની જરૂર છે પણ જો હું પિતાની સેવા કરીશ અને પિતા મૃત્યુના પંજામાંથી બચીને થોડું વધારે જીવશે અને પછી એ જે કાંઈ પાપ કરશે એનો ભાગીદાર હું બનીશ માટે મારે મરતા હોય એને મરવા દેવા એ જ સીધો રસ્તો છે.

એટલે પુત્ર પિતા પ્રત્યેના પોતાના કર્તવ્યધર્મથી ચ્યુત થઈ જાય, પુત્ર પિતા વચ્ચેનો ધર્મ પણ ચૂકાઈ જાય. શું ધર્મ એમ કહે છે કે પુત્રે પિતાની સેવા ન કરવી? અને આંખ આડા કાન કરી મરતાને મરવા દેવો? સંપ્રદાયના ઘેનમાં એ ન ભૂલો કે દરેક જીવ મદદની આશા રાખે છે, માવજત અને સેવા ઈચ્છે છે. જીવમાત્રને પોતાનું જીવન વહાલું છે. પોતે જે ચાહે છે એ ચાહના બીજામાં પણ છુપાયેલી પડી છે એ તરફ દૃષ્ટિ ન કરતાં સ્વાર્થી બની પોતાનો જ વિચાર કરવો એ ક્યાંનો ધર્મ?

અહિંસાની વાતો કરવા કરતાં હિંસા અને અહિંસાનાં સ્વરૂપ શું છે એ સમજવાની આવશ્યકતા છે.

જેનાં અંતરમાં અને આચરણમાં કરુણાનું ઝરણું વહે તેનું નામ જ અહિંસક છે. દુ:ખીને જોઈને દ્રવ્ય દયા કરે, ધર્મ વગરનાને જોઇ ભાવ દયા કરે. અહિંસાના આ બે પાસાં છે.

હિંસા બે પ્રકારની છે. દ્રવ્ય અને ભાવ. ધર્મના નામે દેવી આગળ કે કાબાના પથ્થર આગળ જીવોને ચઢાવવા કે કાપવા એ દ્રવ્ય હિંસા થઈ અને બીજો કોઈ જીવ મરતો હોય, દુ:ખી થતો હોય એ તરફ દુર્લક્ષ્ય કેળવવું અગર ઉપેક્ષા કરવી એ ભાવ હિંસા થઈ. બન્નેમાં હિંસા છે, માત્ર પ્રકાર જુદા છે.

હિંસાના આ બન્ને પ્રકારોમાંથી જીવ સાવધાન બની ઊભો રહે એ જ સમ્યગ્દર્શન છે.

# "પ્રાર્થના અને પુરુષાર્થ"

(પૂ. મુનિશ્રી ચિત્રભાનુજીના પ્રવચનની નોંધ - ગતાંકથી ચાલુ)

સુબુદ્ધિ વિનાની સંપત્તિથી માણસને કેટલું નુકસાન થાય છે તેની મીમાંસા એક વિદ્વાને સરસ કરી છે. સંપત્તિ એકલી કદી નથી રહેતી, કાં તો એ સુબુદ્ધિ સાથે રહે, અને એ ન મળે તો કુબુદ્ધિને બોલાવી લે છે. અને કુબુદ્ધિના સંતાન ચાર છે. કામ, મદિરા, જુગાર અને જુલ્મ. કામથી પરદારામાં રત રહે, મદિરાથી વિવેકહીન બને, જુગારથી અનેક અનર્થો સેવે અને જુલ્મી પૈસાને જોરે અનેક નરનારીઓને ત્રાસ આપે. આ ચારે દુર્ગુણોને કારણે આવેલી કુટેવો જીવનમાં ઘર કરી જાય છે અને સંપત્તિ તો ચાલી જાય છે. એટલે આવા માણસના જીવનમાં અંતે દુર્ગુણો સિવાય કંઇ જ રહેતું નથી. કદાચ આ જન્મમાં સંપત્તિ ન પણ જાય તો પણ પરલોક તો બગડી જ જાય છે. એનું પરિણામ માણસને પોતાને જ ભોગવવું પડે છે.

સંપત્તિ વધારેમાં વધારે આવે તો સ્મશાન સુધી આવે અને માણસે એનાથી મેળવેલા સુસંસ્કાર અગર કુસંસ્કાર જીવ જ્યાં જ્યાં જાય, આ લોક કે પરલોક, એ સાથે જ ચાલ્યા આવતા હોય છે.

એક સંસ્કારી વ્યક્તિએ પ્રાર્થના કરતાં કહ્યું: "ભગવાન ! મને ધન આપે તો આપજે, ન આપે તો કાંઈ નહિ પણ મને સુબુદ્ધિથી વંચિત ન રાખીશ."

જેની પાસે સુબુદ્ધિ છે અને છતાં દુ:ખી હોય એવો એક માણસ તમે મને બતાવો.

ઘણીવાર ઘણા કહે છે કે ધર્મી માણસો બહુ દુ:ખી હોય છે. હું તમને ખાતરીથી કહું છું કે ધર્મી કોઇ દિવસ દુ:ખી હોઈ શકે જ નહિ ! ધર્મી જો દુ:ખી હોય તો ધર્મ દુનિયામાં જીવતો નથી એમ માનજો. પણ તમે કહેશો કે અમુક ધર્મીને તમે દુ:ખી જોયાં છે.

ધર્મ એ બહારનો દેખાવ નથી કે બાહ્ય ચિહ્નો નથી પણ અંદરની અભીપ્સા છે. અંદરની અભીપ્સા એ ધર્મ છે.

જેમ પથ્થરમાંથી પ્રતિમા બનાવવાની અભીપ્સા એક શિલ્પીને હોય છે એમ આ આત્મામાંથી પરમાત્મા બનાવવાની અભીપ્સા ધર્મમાં હોય છે. શિલ્પી રાતદિવસ એ પથ્થરને ઘડીઘડીને, ટાંકણાં મારીમારીને, એનામાંથી આકાર કોતરતો કોતરતો એક ખરબચડા પથ્થરને સુંદર પ્રતિમામાં ફેરવી નાખે છે; જે પ્રતિમાનાં આંખ, મોઢું, આકૃતિનું દર્શન કરતાં આપણું હૃદય આહ્‌લાદથી છલકાઈ જાય છે! હતો પથ્થર પણ પ્રતિમા બની, કારણકે એમાં શિલ્પીની અભીપ્સા હતી.

એમ જે ધર્મી માણસને થાય કે હું આત્માને પરમાત્મા બનાવું, જીવને શિવ બનાવું, કંકરને શંકર બનાવું, એ જંપે? એની અભીપ્સા એને વિલાસ અને વસ્તુઓની ભૂખમાંથી મુક્ત કરાવી વિરાટ તરફ લઈ જતી હોય છે.

ધર્મીમાં ચાર લક્ષણોનું દર્શન થાય છે. એ પ્રમાદી હોય નહિ, એ પ્રાર્થના કદી છોડે નહિ, પુરુષાર્થ એના પ્રાણ હોય અને પ્રમાણિકતાને એ વળગી રહે છે. ધર્મીના આ ચાર લક્ષણોવાળો માણસ દુનિયામાં દુ:ખી બન્યો હોય એવું કદી બન્યું નથી.

હું હમણાં જ અમેરિકાના પ્રેસિડન્ટ હર્બર્ટ હૂવરનું જીવન વાંચતો હતો. હર્બર્ટ હૂવરના જીવનનો એક પ્રસંગ આવે છે. કોઇ માણસ યુનિવર્સિટીમાંથી ભણીને તરત પ્રેસિડન્ટ થતો નથી. હર્બર્ટ ઇજનેર થઈને આવ્યો અને એક છાપામાં વાંચ્યું કે અમુક કંપનીમાં ઇજનેરની

જગ્યા ખાલી છે. એ તરત ત્યાં પહોંચી ગયો, મેનેજરને મળ્યો. નમન કરી કહ્યું કે હમણા જ યુનિવર્સિટીમાંથી ઉત્તીર્ણ થયો છું, મારે નોકરીની જરૂર છે. મેનેજરે કહ્યું કે જગ્યા ખાલી છે પણ તે ઇજનેરની નહિ, ટાઈપિસ્ટની. હર્બર્ટે વિચાર કર્યો 'જગ્યા ખાલી હોય તો ભરવી.' ટાઇપિસ્ટ અને ઈજનેરના સ્થાનમાં કેટલું અંતર છે! પણ એણે વિચાર્યું કે ખાલી બેસી રહેવું, ઉદ્યમ વગરના બેસી રહેવું એના કરતાં કાંઇક કામ કરવું જોઇએ. એણે કહ્યું: "સાહેબ! ટાઇપિસ્ટ તરીકે પણ કામ કરવા હું તૈયાર છું." મેનેજરે કહ્યું: "ત્રણ દિવસ પછી આવજો." ત્રીજે દિવસે ઓફિસમાં એ હાજર થયો અને કામ પર ચઢી ગયો.

એક દિવસ મેનેજર આંટો મારતો મારતો આ બાજુ આવ્યો, જોયું તો હર્બર્ટ બરાબર કામ કરી રહ્યો હતો. એની આંગળીઓ જાણે રમી રહી હતી. મેનેજર એક મિનિટ ઊભો રહ્યો અને પેલા યુવકને પૂછ્યું "તમે ઇજનેર છો કે ટાઇપિસ્ટ છો? તમારી આંગળીઓ તો કેવી સરસ ચાલે છે, જાણે વર્ષોથી તમે કાંઈ કામ કરતા હો." હર્બર્ટે કહ્યું: "સાહેબ, જે દિવસે હું આપને મળ્યો ત્યારે ગુરુવાર હતો. આપની પાસેથી જઈને ભાડાનું ટાઇપરાઇટર લઇને મેં ચાર દિવસ, રાતદિવસ એના પર જ મહેનત કરી. પ્રાર્થના કરતો ગયો અને પુરુષાર્થ ચાલુ રાખ્યો."

માણસ પુરુષાર્થ કરે નહિ અને એકલી પ્રાર્થના જ કરે જાય એથી સિદ્ધિ ન મળે. કોઈ ગાંઠ પડી હોય અને એને એક આંગળીથી ખોલવા જાઓ તો ખૂલે? રેશમની મજબૂત ગાંઠ ખોલવા માટે બે આંગળી જોઇએ જ.

એમ જીવનની આ ગાંઠોને ઉકેલવા માટે પુરુષાર્થ પણ જોઇએ અને પ્રાર્થના પણ જોઇએ. એકલી પ્રાર્થનાની આંગળી કામ નહિ લાગે. પુરુષાર્થ વિનાની પ્રાર્થના વંધ્ય છે.

જ્યાં જ્યાં પણ તમે પ્રાર્થનાનું ફળ જોયું હશે ત્યાં ત્યાં એના પહેલાં પુરુષાર્થનું બળ હોવું જ જોઇએ. હા, કેટલાક પ્રસંગોમાં જોવા મળે છે કે ખૂબ પુરુષાર્થ કરવા છતાં સફળતા ન મળી ત્યારે પ્રાર્થનાનો આર્તનાદ એમનો સહાયક બન્યો છે. પણ એ સહાય મળતા પહેલાં પુરુષાર્થ તો હોવો જ જોઈએ.

આજે જીવનનાં આ બે અંગ સાવ છૂટાં પડી ગયાં છે.

એક વર્ગ એવો છે જે પ્રાર્થનામાં માનતો નથી. ચોવીસે કલાક ગદ્ધાવૈતરું કર્યા કરે. એ પુરુષાર્થી છે.

બીજો વર્ગ એવો છે જે મહેનત જરાય ન કરે અને કહે કે મારી પ્રાર્થના ચાલુ છે ને?

હું તો જોઉં છું કે આ બધા લકવાના દરદીઓ છે. કો'કને ડાબો છે તો કો'કને જમણો, પણ આ છે લકવો. જ્યાં સુધી માણસ આ બન્ને અંગોમાં – પુરુષાર્થ અને પ્રાર્થનામાં સમર્થ નહિ બને ત્યાં સુધી એને જીવનમાં સફળતા નહિ જ મળે.

જીવનનું આ એક સૂત્ર છે. જેણે જેણે જીવનમાં સફળતા મેળવી છે એમણે બન્ને અંગોને બરાબર વાપર્યાં છે. એ વીરો પ્રાર્થના કરતા રહ્યા અને પુરુષાર્થમાં મંડી રહ્યા. એના જ પરિણામે એ ઇચ્છિત સ્થાને પહોંચી ગયા.

હર્બર્ટે શ્રદ્ધા સાથે એટલી મહેનત કરી કે ચાર જ દિવસમાં પેલા મેનેજરના મનમાં વસી ગયો. એને થાબડીને એણે કહ્યું "દુનિયામાં એવું કયું સ્થાન છે જે તારા જેવા તેજસ્વી વિદ્યાર્થીઓ ન મેળવી શકે?" પણ એને એ

વખતે ખબર નહિ કે આ માણસ અમેરિકાનો પ્રમુખ થવાનો છે. કામ ગમે તે કરો પણ એ કામની અંદર સચ્ચાઈ છે કે નહિ એ જ તારનારી વાત છે.

સચ્ચાઈ એ બહુ મોટી વાત છે. ભગવાનની પૂજા કરતો હોય પણ સચ્ચાઈ ન હોય તો પૂજા જેવું ઉત્તમ કામ પણ નકામું બની જાય છે. દિવાળી કલ્પમાં સાંભળ્યું તો હશે ને? કેટલા સાધુઓ, કેટલા આચાર્યો નરકે જવાના? આંકડાઓ સાંભળતાં પણ થરથરાટ થાય.

આચાર્યો નરકમાં કેમ જાય એ પ્રશ્ન છે! કારણકે જે વ્યવસાય છે એ વ્યવસાયની સાથે વફાદારી ન હોય તો એ આચાર્યને ત્યાં કોઈ પૂછતું નથી.

તમે ગમે તે ધંધો કરતા હો પણ એની સાથે તમારી નિષ્ઠા એ બહુ મોટી વાત છે. એટલા માટે તમે દુકાને બેઠા હો અને કાપડ ફાડતા હો એમાં પણ તમારી નીતિ હોય! "હું પ્રમાણિકતાથી આપીશ, ગ્રાહકની સાથે સારો વ્યવહાર કરીશ." વ્યાપારીનો ધર્મ પ્રમાણિકતા છે.

એક ભરવાડણ બાઈ શેઠને ઘી આપી ગઈ. શેઠે ઘી તો લઈ લીધું પણ શેઠને જરા શંકા પડી. એણે સાંજે ઘી તોલ્યું તો પોણો શેર જ નીકળ્યું. બીજે દહાડે પેલી બાઈ જ્યારે ઘી વેચવા નીકળી ત્યારે શેઠે કહ્યું કે તું કેવી અપ્રામાણિક છે! તારા ઉપર મેં વિશ્વાસ રાખ્યો મેં માન્યું કે ગામડાના લોકો જુઠું નહિ બોલે, અનીતિ નહિ કરે અને તું તો શેર ઘી ને બદલે પોણો શેર આપીને ગઈ.

પેલી બાઈ આશ્ચર્યપૂર્વક પૂછવા લાગી 'હું અપ્રામાણિક? મારા માથે ઇશ્વર છે. એ શેર જ ઘી છે અને હું કોઈ દહાડો જુઠ્ઠું નથી બોલતી." શેઠ કહે: "લાવ ત્યારે તોલીએ. કયા શેરથી તેં આ ઘી તોલ્યું હતું એ તું મને કહે." બાઈએ કહ્યું "મારી પાસે શેર ક્યાંથી હોય? ગઈકાલે તમારે ત્યાંથી એક શેર સાકર લઈને ગયેલી અને એ વખતે મારે આ ઘી તોલવાનું હતું એટલે એક બાજુ ઘી મૂકયું અને બીજી બાજુ તમારી સાકર મૂકી. તમે આપેલી શેર સાકરથી મેં આ ઘી તોલ્યું છે. હું બીજું કાંઈ જાણતી નથી! મારી પાસે શેર અને કાટલાં છે જ નહિ. કાટલું તમારી સાકર." શેઠને ખ્યાલ આવી ગયો. "ઓહ! મારી સાકરના બદલામાં જ આ ઘી આવેલું છે.

આ જગતમાં અપ્રામાણિકતાનું કેમ rolling થાય છે અને ભેળસેળ થઈને તમારે ત્યાં કેવી રીતે આવે છે તે આમાં જોવાનું છે. પછી કો'કને દૂધના રૂપમાં આવતી હોય, કો'કને ખાંડના રૂપમાં આવતી હોય, કો'કને લોટના રૂપમાં આવતી હોય. જીવનના વિવિધ ક્ષેત્રોમાં જુદી જુદી રીતે આવે છે. પણ ધ્યાનમાં રાખવાનું છે કે ખાંડમાં ગયેલી અપ્રામાણિકતા ઘીના રૂપમાં પાછી આવી જાય છે. એના forms આકાર જુદા છે, પ્રવાહ એક છે. એ પ્રવાહને પિછાનવો એ જ જીવનનું રહસ્ય છે.

લોકો આ રહસ્યને જોતા નથી. તમે ગમે તે વ્યવસાય કરો; પછી એ પૂજાનો હોય કે એક પટાવાળાનો પણ તમારા વ્યવસાયની સાથે તમારી નિષ્ઠા એ બહુ મહત્ત્વની વાત છે.

વણકરનો ધંધો કરવા છતાં કબીરને એમ નથી લાગ્યું કે હું વણકર છું એટલે હલકો છું એ તો તાણા અને વાણાની સાથે જીવનને સરખાવતા જ ગયા, વણતા જ ગયા અને ભગવાનનું ભજન કરતા જ ગયા.

પોતાના વ્યવસાયને હલકો નહિ ગણતા વ્યવસાયમાં આવતી વંચના હલકી ગણો.

આ તત્ત્વ ધ્યાનમાં રાખીને માણસ જીવનની ચર્ચા કરે છે તો એના પુરુષાર્થ અને પ્રાર્થના એ બેની અંદર સંવાદ થાય.

સવારના ઊઠીને પ્રાર્થના કરવાની. પ્રાર્થના શું ? પ્રાર્થનામાં એ કે બુદ્ધિ સુબુદ્ધિ બનો. જે જે વસ્તુ મારી સામે આવે એના ઉપર હું સુબુદ્ધિની torch ધરું.અને સુબુદ્ધિના પ્રકાશમાંજ વસ્તુને ગ્રહણ કરું.

પ્રાર્થના એ સવારનો નાસ્તો છે અને રાતના સૂતા પહેલાં લેવા લાયક દૂધનો પ્યાલો છે.

ઘણાં મોટાં ઘરોમાં છોકરાને ઉઠાડીને કહે કે બાબા, દૂધ પી લે બેટા. રાતના દસ વાગ્યા હોય તો પણ સૂવા જતા પહેલાં પૂછે : "તેં દૂધ પીધું કે ?"

પ્રાર્થના આવો જ કોઈક પ્યાલો છે. માણસ સવારના સુંદર વિચારો અને દૃઢ સંકલ્પો સાથે ઊઠે અને રાતના સૂવા જાય ત્યારે આખા દિવસમાં જેને જેને મળ્યો એ બધાની સાથે કેવો વ્યવહાર હતો, કોને માટે ખરાબ બોલ્યો, કોને માટે ભૂંડું બોલ્યો, કોને માટે અતિશયોક્તિ કરી એની આલોચના કરી, ફરી એવું ન કરવાના વિચાર સાથે પોઢે.

આજે સમાજમાં જે ખોટી rumours અફવાઓ, નકામી નિંદાઓ, ન બનેલા બનાવો માટે અને બનતા બનાવોમાં આપણી સાચીખોટી સંમતિ અને ગંદી વાતો આ બધું કેમ બને છે? કારણકે પ્રાર્થનામાં આલોચનાનો અભાવ છે.

મને લાગે છે કે લોકો પાસે પ્રાર્થનાના શબ્દો ઘણા છે, ભાવ થોડો છે. શબ્દ વધે અને ભાવ ઘટે તો એમાંથી મળે કાંઈ નહિ. બહુ શબ્દો નહિ, બહુ લાંબા લાંબા સ્તોત્રો નહિ, થોડું પણ સમજવાનું હોય.

એક ભાઈ મને કહેતા હતા કે હું સવારના ઊઠીને ગીતાના પાંચ અધ્યાય વાંચી જાઉં છું. મને થયું, 'ભલા માણસ, આટલા બધાં અધ્યાય વાંચ્યા છતાં શાંતિ નહિ !' એ અધ્યાય વાંચે, યંત્રની જેમ એટલી ઝડપથી એ દોડ્યો જાય કે અર્થની વિચારણા કરવા તો ઠીક પણ શ્વાસ લેવા પણ ઊભો ન રહે.

પ્રાર્થના એ માત્ર શબ્દો નથી, ભાવ છે. જેમ જેમ તમે ઊંડાણમાં જાઓ તેમ તેમ તમારું ચિત્ત એકરૂપ બને છે. હૃદય અને પ્રાર્થના એક બને તો દુનિયામાં એવું શું છે જે બને નહિ ?

જે જે શબ્દો બોલો તેના ઉપર વિચાર કરો. હું જે બોલું છું એ મારા જીવનમાં છે ? કંઈક નવું આવે છે ? પછી તમને જ વિચાર આવશે "આ પ્રાર્થના હું કરું છું છતાં મારા જીવનમાં સંવાદ કેમ નથી ?"

પ્રાર્થનાની સાથે ચિંતન હોવું જોઈએ. શબ્દોની વિપુલતા નહિ પણ ભાવનું ઊંડાણ વધવું જોઇએ.

સુબુદ્ધિમાન સાંજે શયન કરવા જાય ત્યારે જેમ જોડાને જોડાને ઠેકાણે મૂકે, કોટને કોટને ઠેકાણે મૂકે, ખમીસને ખમીસને ઠેકાણે મૂકે એમ ચિત્તને પરમાત્માનાં ચિંતનમાં મૂકે.

કહે : "હવે હું તારી સાથે છું, એકરૂપ છું."

પરમાત્માના મહાચૈતન્યના પ્રકાશની સાથે તમારા ચિત્તને જોડી દો. જેમ ઘરના ટેબલ લેમ્પના પ્લગને સોકેટમાં ગોઠવતાં જ લાઈટ થાય છે એમ તમે તમારા ચિત્તને પરમાત્માની સાથે જોડીને સૂઈ જાઓ, એ પ્રકાશસભર હશે. પછી કોઈ ભય નહિ, કોઇનો ડર નહિ અને કોઈ અશુભ અને અમંગળ સ્વપ્ન નહિ. બધું જ શુભ.

રાતના સૂતી વખતે પરમાત્મા સિવાય બધું જ ભૂલી જાઓ. વ્યાપાર પણ ભૂલી જાઓ, સગાં પણ ભુલી જાઓ, ઝંઝટ પણ ભૂલી જાઓ relax

થાઓ. આ થોડી-શી રાત તમારા આરામ માટે જ નક્કી થઈ છે. એ આરામમાં પ્રગાઢ શાંતિ જ હોય. એ આરામ કદાચ લાંબો પણ નીવડી જાય તો શી ખબર? આપણી યાત્રા એ મંગળમય વિચારોની વણજાર છે.

પ્રાર્થનાનો હેતુ પરમાત્મા સાથેની એકતા છે. સવારની પ્રાર્થનામાં સુબુદ્ધિની માગણી છે અને રાતની પ્રાર્થનામાં આહાર, ઉપાધિ-belongings અને આ દેહની ઉપાધિ; આ બધાંની મમતાનો ત્યાગ છે. રે પ્રવાસી! તું સાથે શું લઇને જઈશ? તો ત્રણ વાત; કહી.

આ પ્રવાસી ત્રણને છોડે છે. આહારને, ઉપાધિને અને દેહને છોડે છે અને આ ત્રણને સાથે લેવાના છે. અરિહંત એ દેવ છે, સુસાધુ એ ગુરુ છે અને જિનેશ્વરે કહેલો અહિંસામય એ ધર્મ છે. આ ત્રણને પ્રવાસમાં સાથે લઈ આગળ વધવાનું છે.

મંગળ વિચારોથી આપણે જીવનને સમૃદ્ધ અને સુંદર બનાવી શકીએ.

પહેલો વિચાર એ કે પુણ્યનો ઉદય એ સંપત્તિ નહિ પણ સુબુદ્ધિ; પાપનો ઉદય એ કઠિનાઈ નહિ પણ કુબુદ્ધિ. કઠિનાઈ આવે, ગરીબી આવે તો કહો શું વાંધો છે? દુનિયામાં ગરીબ કોણ નહોતું?

પુણિયો ગરીબ નહોતો! જૂના જમાનામાં પણ ઘણા ય એવા ગરીબો હતા જેઓ આ લોકમાં સત્કાર અને પરલોકમાં મોક્ષ પામી ગયા છે.

ગરીબી એ પાપનો ઉદય નથી, કુબુદ્ધિ એ પાપનો ઉદય છે. સંપત્તિ એ પુણ્યનો ઉદય નથી પણ સુબુદ્ધિ એ પુણ્યનો ઉદય છે.

(સંપૂર્ણ)

# પરીક્ષામાં પાસ

આંધ્રના પ્રખ્યાત રસાયણશાસ્ત્રી પ્રોફેસર નાગાર્જુનને કોલેજની પ્રયોગશાળા માટે એક આસિસ્ટંટની જરૂર પડી. પ્રોફેસરે આ પદ માટે બે પ્રતિભાવાન યુવકોને પસંદ કર્યા અને તેમના વ્યાવહારિક જ્ઞાનની પરીક્ષા કરવા તેમને કેટલાક પદાર્થ આપી કહ્યું, "બે દિવસમાં આનું રસાયણ તૈયાર કરી મારી પાસે લાવજો."

બે દિવસ બાદ બન્ને યુવાન પ્રોફેસર નાગાર્જુન સમક્ષ ઉપસ્થિત થયા. પહેલા યુવકે પોતે બનાવેલું રસાયણ રજૂ કરી દીધું. પરંતુ બીજાએ ક્ષમાયાચના કરતાં કહ્યું, "પ્રોફેસરસાહેબ, હું આપે આપેલ પદાર્થો લઈ ઘરે જતો હતો ત્યારે માર્ગમાં એક તાવથી ઘેરાયેલ ગરીબ વૃદ્ધ પુરુષને મેં રસ્તામાં પડેલો જોયો. હું તેની ઉપેક્ષા કરી ન શકયો. મારા બેય દિવસ એ વૃદ્ધને હોસ્પિટલમાં પહોંચાડ્યા બાદ તેની સેવા કરવામાં જ વ્યતીત થઈ ગયા. એટલે હું રસાયણ બનાવી શકયો નથી એ બદલ આપની ક્ષમા માગું છું.

આચાર્ય નાગાર્જુને કોલેજના હેડકલાર્કને આ યુવકની પોતાના 'આસિસ્ટંટ' તરીકે નિમણુંક કરવાનો આદેશ આપ્યો ત્યારે હેડકલાર્ક આશ્ચર્યપૂર્વક તેમની સામે જોવા લાગ્યો. એટલે પ્રોફેસર હસ્યા અને બોલ્યા, "તમને કદાચ આશ્ચર્ય થતું થતું હશે કે આ યુવાનને મેં કેમ પસંદ કરી લીધો, નહીં? હું માનું છું કે માનવજીવન કરતાં રસાયણ કંઈ વધુ મહત્ત્વનું નથી. રસાયણ શાસ્ત્રનો ઉપયોગ પણ છેવટે તો જન-સેવા માટે જ છે. આ યુવાન અચાનક જ તેના સેવા-કાર્ય દ્વારા મારી પરીક્ષામાં પાસ થયો છે!"

# તિમિરમાં તેજ

૨૫૦૦ વર્ષ પહેલાની આ વાત છે. ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધના સમયની આ પ્રેમકથા છે.

મગધમાં વાસવદત્તાને કોણ નથી જાણતું? જેનું યૌવન સોળે કળાએ ખીલ્યું છે, રૂપગર્વી એ નાર છે. એના આંખની એક અમી નજર ખાતર મગધદેશના રાજપુત્રો, ધનપતિઓના દીકરાઓ એને ત્યાં ચક્કર મારે છે પણ વાસવદત્તાને એમને મળવાનો સમય જ ક્યાં છે?

એક અમાસની કાળી રાત્રિએ વાસવદત્તા ઉતાવળી ઉતાવળી અભિસાર પર જાય છે. એના મનમાં કામ છે, કામની માદક વૃત્તિઓ એના મનનો કબજો લઇને બેઠી છે. કામને વશ બનેલી વાસવદત્તાને વિચારવાનો કે જોવાનો સમય નથી.

અંધારી રાત્રિ છે, એ મદમત્ત બની ચાલી જાય છે ત્યાં ઝાડના નીચે જેણે આત્મકલ્યાણનો માર્ગ લીધો છે એવો એક નવયુવાન, તેજસ્વી અને પ્રતિભાશાળી ઉપગુપ્ત સાધુ સૂતો છે.

આ ઉપગુપ્ત વાસવદત્તાની ઠોકરે ચઢી જાય છે. વાસવદત્તાને થયું આ કોણ છે? એણે વિદ્યુત દીવો કરીને જોયું તો એક શાંત સાધુ સૂતેલો છે. કેટલો ભવ્ય સાધુ! કેવી સૌમ્ય આકૃતિ! પૂછયું; 'તું કોણ છે?' 'હું ઉપગુપ્ત.' આ જંગલમાં, આવી ખડબચડી ધરતી ઉપર તું શું કરવા પડ્યો છે? ચાલ, મારા મહેલમાં ચાલ. તને સુંદર શય્યા આપું, સુંવાળા પદાર્થો આપું, ઉત્તમ ભોજન આપું, રસવંતી વસ્તુઓ આપું.' આ સાંભળીને ઉપગુપ્ત હસી પડ્યો. માનવીને ઘણીવાર થાય, આ બધી વસ્તુઓ મળતાં જીવન ધન્ય બની જાય. પણ આ વસ્તુઓ મેળવવામાં જ અધન્યતા રહેલી છે તે તો ઉપગુપ્ત જેવો જ જાણે. પણ જગતના લોકોની આંખ તો ઘણું મોડું થયા પછી ઉઘડે છે પણ ત્યારે તો રાત પડી ગઈ હોય છે. ઉપગુપ્તે કહ્યું: 'તું જોતી નથી? અત્યારે અમાસ છે. હું તારે ત્યાં પૂનમને દિવસે આવીશ. હું પૂનમ સિવાય અભિસારને આવકારતો નથી.' વાસવદત્તાએ કહ્યું: 'તું ગમાર માણસ લાગે છે! મારે ત્યાં રાજકુમારો અને ધનાઢ્યપતિઓ આંટા મારે છે પણ મને સમય નથી. ત્યારે તને તો હું આમંત્રણ આપું છું. હું પૈસા નથી માંગતી પણ આદર અને આનંદથી મારા મહેલમાં લઈ જવા માંગું છું.' ના, ઉપગુપ્ત ન ગયો. વાસવદત્તાને થયું કે આની પાસે રૂપ છે પણ મગજ નથી; સાધુ છે પણ સમજણ નથી. એ ચાલી ગઈ.

આ વાતને ૨૫ વર્ષ વીતી ગયાં. યુવાની રૂપના પૂર સાથે આવે છે ત્યારે આંખને આકર્ષણોથી આંજી નાખે છે, જાય છે ત્યારે એ જ માણસને ઝાંખો, નિસ્તેજ અને નિર્માલ્ય કરીને જાય છે. વિષયો પ્રારંભમાં રસવંતા પણ અંતમાં નિરસ. પણ આત્માના આનંદની મસ્તી ઓર છે. એ તો યાત્રાનો છેલ્લો દિવસ આવે ત્યાં સુધી ચિંતનમાં સ્વસ્થ. જે આનંદથી જન્મ લીધો એ જ આનંદથી મૃત્યુને ભેટે. બન્ને પળો આનંદની જ હોય છે. આતમનો અંતરદીપ જલતો જ હોય, પ્રકાશ આપ્યા જ કરતો હોય.

વાસવદત્તા ૨૫ વર્ષમાં નિસ્તેજ થઈ ગઈ. અતિ ભોગ, અતિ રોગ. ભોગી અંતે ભોગનો જ ભોગ બની રોગી બને છે. વાસવદત્તાનું શરીર જીર્ણ બની ગયું, ચામડીના રોગો ફૂટી નીકળ્યા, આખું શરીર દુર્ગંધથી ભરાઈ ગયું. જે રાજપુત્રો, ધનપતિના સંતાનો એને જોવા માટે તલસતા હતા એ એની સામે તો શું જાય પણ એ માર્ગે પણ જતા નથી. આ રોગીષ્ઠ સ્ત્રી ગામમાં ન રહે તે માટે ગ્રામજનો એને ગટરોની બાજુમાં

એક ઝૂંપડીમાં મૂકી આવ્યા. આજે એને પાણી પાનાર પણ કોઇ નથી. વેદનામાં એકલી જ તરફડી રહી છે.

એ વખતે પૂનમની રાત હતી. ઉપગુપ્ત ઉતાવળો ઉતાવળો એની પાસે આવ્યો. પૂછયું 'કોણ?' 'હું ઉપગુપ્ત. રે, મને ભૂલી ગઈ. મેં કહ્યું હતું ને કે પૂનમને દિવસે આવીશ. તો જો આજ પૂનમ ઊગી છે. વાસવદત્તાએ પોતાના જીર્ણ શરીરને ફાટેલા કપડાંથી ઢાંકતા કહ્યું, 'તું? આજે? આજે હવે મારામાં શું છે?'

ઉપગુપ્તે કહ્યું 'આજ જ તારામાં છે. એ વખતે તારામાં શું હતું? તે વખતે તારામાં મદ હતો, કામ હતો, અહંકાર હતો, રૂપની લાલસા હતી, બધે જ અંધારું હતું. પણ હવે તને સમજાયું હશે કે જે શરીર દુનિયાને આકર્ષતું હતું એ શરીર તો રોગનું ઘર છે. આ શરીરની કિંમત એની અંદર બેઠેલા આત્માને લીધે છે. એ વખતે કામના અંધારાની અમાસ હતી. આજ તને જ્ઞાન થયું ને કે તારી સામે જોનારા કોઈ નથી? આજ તને આત્માનું અજવાળું મળ્યું છે. આજે તારામાં પૂનમ ઊગી છે.'

ઉપગુપ્તે એ રોગીની સેવા કરી, સ્વસ્થ બનાવી અને વાસવદત્તા બુદ્ધના ચરણોમાં સમર્પિત થઈ.

અઢી હજાર વર્ષ પૂર્વની આ વાત ઘણા જાણતા હશે. પણ આટલા લાંબા સમય બાદ ઈતિહાસના પાને લખાઇ ગયેલી ઉપગુપ્ત અને વાસવદત્તાની વાત આજે પાછી જીવંત બની. કાળ વ્યતીત થાય છે, સમય બદલાય છે પણ માનવીના અંતરમાં રહેલી કરુણાની ભાવના તો આજે પણ પ્રોજ્જવળ અને અમર છે.

પૂ. ગુરુદેવનું એક પ્રવચન તા. ૩૦–૫–૬૫ના રોજ નળબજાર પાસે ભંડારી સ્ટ્રીટમાં 'જીવનમાં કરુણા' એ વિષય ઉપર ગોઠવવામાં આવ્યું. આત્મ-કલ્યાણના માર્ગે નીકળેલાને સ્થળની મહત્તા નથી, માત્ર પિપાસુઓ જોઇએ છે. એમનાં પગલાં સ્થળને ધર્મસ્થાન બનાવી દે છે. રાતદિવસ તેમના મનમાં એક જ ભાવના રમે છે; હું તરું અને સહુને તારું, મેં જે મેળવ્યું તે સહુને છૂટે હાથે વહેંચું. પૂ. ગુરુદેવ તો પ્રેમ, કરુણા અને જ્ઞાનની પરબ લઈને જ બેઠા છે.

પૂ. ગુરુદેવનું વ્યાખ્યાન ચાલતું હતું અને પૂ. ગુરુદેવે ઉપર જણાવેલી વાસવદત્તા અને ઉપગુપ્તની વાત પ્રવચનમાં સુંદર રીતે રજૂ કરી. વ્યાખ્યાન પૂરું થયું, આ વાર્તા ઘણાને ગમી પણ ખરી. પણ સાંસારિક પ્રવૃત્તિઓમાં પડતાં બધું જ ભૂલાઈ ગયું. પણ ના, એક આત્માને આ વાત સ્પર્શી ગઈ. એમ કહું તો ચાલે કે આ વાતથી એને અંદર ચોટ લાગી. આજે પણ સમાજમાં ઘણી ય એવી કમનશીબ વાસવદત્તાઓ છે જેમણે સ્વેચ્છાએ નહિ પણ સંજોગોવશાત્ જીવનનો નીચો માર્ગ અપનાવ્યો છે. એવી એક હતભાગીનીના અંતરને આ વાત સ્પર્શી ગઈ, મંથન જાગ્યું, પૂ. ગુરુદેવમાં એને ઉપગુપ્તનું દર્શન લાધ્યું. ખચકાતે મને તેટલામાં વસતા રાજસ્થાની ભાઈ પાસે પૂછાવડાવ્યું કે પૂ. ગુરુદેવનાં દર્શને આવી શકાય?

જેને સમાજે જરૂર પડી ત્યારે લીધી, ચૂસી લીધી અને અંતે નિરસ બનતાં ફેંકી દીધી એવી ત્યકતાઓને સહજ રીતે પવિત્ર અને ઉંચા સ્થાને બિરાજેલા સંતો પાસે જતાં સંકોચ થાય એ સ્વાભાવિક છે. પરંતુ સાચા સંતનાં દ્વાર તો બધા માટે ખુલ્લાં હોય, ત્યાં ભેદભાવ કેવો? એમને મન નીચ કોણ અને ઉચ્ચ કોણ? બધામાં સમાન આત્માનો નિવાસ છે.

પૂર્વજન્મમાં કરેલા પાપ અને પુણ્યનો ઉદય એટલે જ આ જન્મમાં પ્રતિકૂળ અને અનુકૂળ પરિસ્થિતિ અને સંજોગોની પ્રાપ્તિ.

સહુને માટે દ્વાર ખુલ્લાં છે એમ જાણવા મળતાં પેલી બાઈના મનમાં આશાનું બીજ રોપાયું, જીવનની અંધારી રાત્રિમાં તેજનું કિરણ પ્રાપ્ત થયું. પૂ. ગુરુદેવ પાસે આવીને નાના બાળકની જેમ દિલ ખોલીને પોતાના જીવનની દુ:ખદ કહાણી કહી, પશ્ચાતાપના આંસુ સાર્યા.

કવિરાજ કલાપી કહી ગયા છે :

"રે, પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઊતર્યું છે,
પાપી તેમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે."

પ્રાયશ્ચિતનાં આંસુ એ જીવનના મળને ધોનાર પવિત્ર ગંગાજળ છે. ભૂલોના કપટરહિત એકરારમાં જ જીવનની મહત્તા, શકિત અને પવિત્રતા છે.

પૂ. ગુરુદેવનું અંતર દ્રવી ગયું. અમાસની અંધારી રાત્રિમાં તારલા હોઈ શકે તો પછી પાપી હૃદયમાં થોડો પણ પ્રકાશ કેમ ન સંભવે?

It is never too late. પ્રબળ પુરુષાર્થ આગળ પ્રારબ્ધને પણ કોઈવાર નમતું આપવું પડે છે. બાઈમાં જાગેલો જાગૃતિનો દીપક પૂ. ગુરુદેવે જોયો, નવું સુંદર અને ઉચ્ચ જીવન જીવવાની તમન્ના જોઈ અને પૂ. ગુરુદેવે તરત જ એક રાજસ્થાનના ભાઈ દ્વારા બાઈને આજીવિકા માટે રેંટિયો અપાવ્યો અને એ જે કાંઈ કાંતે તેના વેચાણ માટે ભલામણ કરી.

આજ આ બાઈએ નવું જીવન પ્રાપ્ત કર્યું છે. એમ કહું તો ચાલે કે અનીતિના અંધારામાં નીચા માથે જીવતી નારી આજ નીતિના અજવાળામાં ઊંચા માથે ચાલે છે. એના અંતરમાં તો આજ અમાસની અંધારી રાત્રિ પછી પૂનમનો ચંદ્રોદય થયો.

લે. કુ. વત્સલા અમીન


## પૂ. મુનિશ્રી ચિત્રભાનુજીના પ્રસિદ્ધ ગ્રંથો

| | | |
|---|---|---|
| સૌરભ | છઠ્ઠી આવૃત્તિ | ૨–૦૦ |
| હવે તો જાગો | પાંચમી ,, | ૨–૦૦ |
| ઊર્મિ અને ઉદધિ | પહેલી ,, | ૨–૦૦ |
| પૂર્ણિમા પાછી ઊગી | ,, ,, | ૨–૦૦ |
| ભવનું ભાતું | ચોથી ,, | ૧–૨૫ |
| ચાર સાધન | ત્રીજી ,, | ૧–૫૦ |
| બિંદુમાં સિંધુ | છઠ્ઠી ,, | ૦–૭૫ |
| રત્નત્રયી | પ્રથમ ,, | ૦–૪૦ |
| બંધન અને મુકિત | ત્રીજી ,, | ૦–૪૦ |
| પ્રેરણાની પરબ | ત્રીજી ,, | ૦–૫૦ |
| મધુસંચય | ચોથી ,, | ૦–૫૦ |
| ધર્મરત્નનાં અજવાળાં | ત્રીજી ,, | ૩–૫૦ |
| પૂર્ણના પગથારે | પ્રેસમાં | ૩–૦૦ |

### હિંદી

| | | |
|---|---|---|
| बंधन और मुक्ति | प्रथम आवृत्ति | ०–४० |
| जीवन मांगल्य | ,, ,, | ०–२५ |
| जीवन पाथेय | ,, ,, | ०–६० |

### IN ENGLISH

| | | |
|---|---|---|
| To the citizens of To-morrow | | 1 00 |
| Fountain of Inspiration | (soft bound) | 3 00 |
| ,, ,, | (Hard bound) | 4.50 |
| Bondage & Freedom | | 1.50 |
| Lotus Bloom | In Press | 7.00 |
| Half hours with a Jain Muni by A. H. A. Baakza | | 5.00 |

# જૈન ધર્મનું નીતિશિક્ષણ

આજના વકતવ્યનો વિષય છે "જૈન ધર્મનું નીતિશિક્ષણ." તેથી "ધર્મ" અને "નીતિ" એટલે શું અને બંનેનો એકબીજા સાથે શું સંબંધ છે તે સમજવું આવશ્યક છે.

ધર્મની વ્યાખ્યા, શબ્દના અન્વયે કરીએ તો ધ્રિયતે લોકઃ અનેન – ધરતિ લોકં વા ઇતિ ધર્મઃ. એટલે, જેનાથી લોક એટલે સમસ્ત વિશ્વ ટકી રહે અથવા જે સમસ્ત વિશ્વને ધારણ કરી રાખે-ટકાવી રાખે-પડવા ન દે તે ધર્મ. આધ્યાત્મિક દૃષ્ટિએ એની વ્યાખ્યા કરીએ તો દુર્ગતિમાં પડતા આત્માને ધારણ કરી રાખે-ટકાવે તે ધર્મ. આ પ્રકારના ધર્મનાં મુખ્યત્વે બે પાસાં હોય છે: (૧) તત્ત્વજ્ઞાન (Metaphysics) અને (૨) સદાચાર અથવા નીતિ (Ethics). મનુષ્ય માત્ર વિચારશીલ પ્રાણી હોઈ આજ સુધીમાં અનેક મહાનુભાવોએ આ તત્ત્વજ્ઞાન અને નીતિ વિષે વિચારણા કરી છે. એવી એક વિચારણા વિષે બોલવા હું આપની સમક્ષ ઉપસ્થિત થયો છું.

આજની આ વિચારણા જૈન ધર્મને અનુલક્ષી છે. "જૈન" શબ્દ "જીન" શબ્દમાંથી ઉદ્ભવ્યો છે. "જીન" એટલે રાગ અને દ્વેષને જીતનાર મહાત્મા, અને એમણે પ્રતિપાદન કરેલો ધર્મ તે જૈન ધર્મ.

જૈન ધર્મનું અતિ આવશ્યક અને અગત્યનું અંગ એ જૈન ધર્મની નીતિ અથવા આચાર છે. અને એથી જ "આચારે ધમ્મો"—આચારમાં જ ધર્મ છે એવું એમાં અનુશાસન કરવામાં આવ્યું છે. ખરી રીતે કહીએ તો દરેક ધર્મમાં તે તે ધર્મના તત્ત્વજ્ઞાનને અનુરૂપ આચારનું વિધાન કર્યું હોય છે. એટલે જ ધર્મનું તત્ત્વજ્ઞાન પણ ધર્મના આચારના વિચારમાં એક ઉપયોગી તત્ત્વ છે. જૈન માન્યતા પ્રમાણે આચારનું ધ્યેય મોક્ષ-પ્રાપ્તિ છે અને મોક્ષ એટલે આ વિશ્વનાં સર્વ પ્રકારનાં બંધનમાંથી આત્માની સંપૂર્ણ મુકિત. એવી મુકિતની પ્રાપ્તિ માટે વિધાન કરવામાં આવેલી જે વિધિ એ જ જૈન ધર્મનો આચાર અથવા જૈન ધર્મની નીતિ.

ભારતીય તત્ત્વજ્ઞાનમાં જન્મ, જરા, મૃત્યુ પ્રમુખ આત્માને, આ વિશ્વમાં જે ઉપાધિરૂપે વળગ્યા છે તેને જ આત્માના બંધનરૂપે માનવામાં આવ્યા છે. આ બંધનની વિચારણા, જુદાં જુદાં ભારતીય દર્શનોમાં, તે તે દર્શનોની, આત્મા અને વિશ્વ વિષેની માન્યતાને અનુલક્ષીને કરવામાં આવી છે. જૈન દૃષ્ટિએ આ પ્રકારનું ઉપાધિરૂપ બંધન ભોગવનાર તત્વને જ, જીવ અથવા આત્મા કહેવામાં આવ્યો છે. આ જીવ અથવા આત્મા સ્વભાવે નિર્મળ અને પૂર્ણતામય છે. તેમ જ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય, અને અનંત સુખનો ઈશ્વર પણ આ આત્મા જ છે. પરંતુ અનાદિકાળથી આ વિશ્વમાં પરિભ્રમણ કરતાં એ પોતાના વર્તનથી ઉત્પન્ન થયેલી કર્મરજથી એટલો બધો લોપાઈ ગયો છે કે એના શુદ્ધ, સ્ફટિકમય નિર્મળ સ્વરૂપ ઉપર આવરણ આવી જવાથી, એ શુદ્ધ સ્વરૂપે પ્રકાશમાન થઈ શકતો નથી. એથી સ્વાભાવિક રીતે એ પ્રશ્ન ઉદ્ભવે છે કે આ કર્મરજ એ શું? એની ઉત્પત્તિ શાથી? અને એ શાથી દૂર થાય કે જેથી આત્મા એના સંપૂર્ણ સ્વરૂપે પ્રકાશમાન થાય અથવા મોક્ષ પામે?

આ પ્રશ્નના ઉત્તરમાં દર્શાવવામાં આવે છે કે સંસારમાં પર્યટણ કરતા દરેક જીવ એટલે આત્માને એની શુભ અથવા અશુભ પ્રવૃત્તિ અનુ-સાર કર્મરજ બંધનરૂપે વળગે છે. આ પ્રકારના કર્મરજનું લેપન આત્માને થવાનું કારણ, તે તે આત્માની પ્રવૃત્તિમાં રહેલી કષાયવૃત્તિ છે. આ કષાયવૃત્તિ તે ક્રોધ, માન, માયા અને લોભ. કષાયના કારણે જ આત્મા પોતાની પ્રવૃત્તિ અનુસાર કર્મરજને ગ્રહણ કરે છે, અને આ કર્મરજ

આત્માની મોક્ષપ્રાપ્તિના પ્રયાણમાં રોધક બને છે. એથી જેમ જેમ આત્માને કર્મબંધન ઓછું થાય, તેમ તેમ ધીમે ધીમે ઓછું થઇ, કર્મબંધન સંપૂર્ણ રીતે નિર્મૂળ થાય તે જ ક્ષણે આત્મા પૂર્ણ સ્વરૂપે પ્રકાશમાન થઈ મોક્ષ પામે.

આ ઉપરથી સહેજે સમજી શકાશે કે જૈન ધર્મની દૃષ્ટિએ સકષાય પ્રવૃત્તિ એ બંધન અને નિષ્કષાય પ્રવૃત્તિ એ જ મોક્ષમાર્ગ. એથી જ જૈનધર્મ નીતિ અને આચારનું વિધાન કરતાં અનુશાસન કરે છે કે દરેક મુમુક્ષુ આત્માએ પોતાની પ્રવૃત્તિ નિષ્કષાય કરવામાં જ, મોક્ષરૂપ ધ્યેયની સિદ્ધિ છે. અને એ બાબતનું વિવરણ કરતાં જણાવે છે કે કષાયનું મૂળ અજ્ઞાન અથવા મિથ્યાત્વ છે. આ અજ્ઞાન એટલે જ્ઞાનરહિત દશા નહિ પણ વિપરીત જ્ઞાન પણ એમાં આવી જાય છે. આ અજ્ઞાન કેવળ સાચા જ્ઞાનથી જ દૂર થઇ શકે અને એ સાચું જ્ઞાન, સાચી શ્રદ્ધા એટલે સમ્યગ્ દર્શનના પાયા વગર સંભવી શકતું નથી. એથી સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ ચારિત્ર્ય એ મોક્ષમાર્ગ છે એમ વિધાન કરવામાં આવ્યું છે અને આ માર્ગ જૈન ધર્મના નીતિશિક્ષણના મુખ્ય પાયારૂપ છે.

આ સમ્યગ્ દર્શન અથવા સમ્યગ્ શ્રદ્ધા એટલે અંધ શ્રદ્ધા નહિ, પરંતુ બુદ્ધિ અને દલીલપૂર્વક તત્ત્વમાં ઉત્પન્ન થયેલી શ્રદ્ધા. આનો અર્થ જ એ કે તત્વની ચર્ચામાં સાચો જૈન કદી પણ જડતાપૂર્ણ તર્કવિહોણું સમર્થન કરવા ઉદ્યત નહિ થાય અને સતર્ક પ્રમાણસિદ્ધ વિચાર જ રજૂ કરશે. આવી વિચારસરણીથી જ આત્મામાં સદ્અસદ્ વિવેકબુદ્ધિ જાગ્રત થઈ, સમ્યગ્ અથવા સાચા જ્ઞાનની પ્રાપ્તિ થાય છે, અને સાચા જ્ઞાનની પ્રાપ્તિનું ફળ સદાચારમાં જ નીવડે એમ જૈન ધર્મનું વિધાન છે.

આ સાચા જ્ઞાનથી ઉદ્ભવેલો આચાર એ જ સદાચાર. અથવા બીજા શબ્દોમાં કહીએ તો સદાચાર એટલે અનિષ્ટ વિષયોમાંથી આત્માની નિવૃત્તિ અને ઇષ્ટ વિષયોમાં આત્માની પ્રવૃત્તિ, જે જે કાર્યથી આત્માને કર્મબંધન થાય તે તે કાર્યથી અટકવું અથવા વિરમવું એ જ સદાચાર. આ વિરમણવૃત્તિ અથવા વિરતિ દરેક વ્યક્તિ સંપૂર્ણ રીતે આચારમાં ન મૂકી શકે એથી એના બે માર્ગ સૂચવવામાં આવ્યા છે. (૧) સર્વ વિરતિ એટલે પૂર્ણપણે કર્મબંધનમાંથી નિવૃત્તિ મળે એવો માર્ગ, અને (૨) દેશવિરતિ એટલે અંશતઃ કર્મબંધનમાંથી નિવૃત્તિ થાય એવો માર્ગ. સર્વવિરતિ એટલે સાધુનો આચાર અને દેશવિરતિ એટલે ગૃહસ્થનો આચાર. સાધુના આચારને મહાવ્રત કહેવામાં આવે છે અને ગૃહસ્થના આચારને અણુવ્રત. એવાં મુખ્ય વ્રત પાંચ છે અને તે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ. આ પાંચ વ્રતનું વિધાન ઉપનિષદ્, પાતંજલ યોગસૂત્ર અને બૌદ્ધ ધર્મનાં પુસ્તકોમાં પણ કરવામાં આવ્યું છે. પરંતુ અહીં એ કહેવું જરૂરી છે કે એ વ્રતોનું વિધાન જૈન ધર્મમાં જે સૂક્ષ્મતાથી કરવામાં આવ્યું છે અને એનું પાલન આજે પણ જે તીવ્રતાથી અને સખતાઇથી કરવામાં આવે છે એવું બીજે દૃશ્યમાન થતું નથી.

દા. ત. જૈનોનું અહિંસા ધર્મનું વિધાન. જૈન ધર્મની માન્યતા પ્રમાણે વનસ્પતિ જેવા એકેન્દ્રિય પ્રાણીથી માંડી પંચેન્દ્રિય એવા મનુષ્યના દેહમાં સર્વમાં એકસરખા આત્માનું અસ્તિત્વ માનવામાં આવ્યું છે અને એથી જ પ્રમાદના યોગથી એવા કોઇ પણ જીવના પ્રાણને હાનિ ન પહોંચે એવા આચારનું વિધાન કરવામાં આવ્યું છે. આ અહિંસાની રચનાત્મક બાજુ એ જ વિશ્વપ્રેમ,

એથી જ જૈનધર્મના આચારની દૃષ્ટિએ, આ અહિંસાવ્રત સમગ્ર વિશ્વમાં રહેલા નાનામોટા સર્વ જીવો તરફ પ્રેમભાવ રાખવા પ્રેરે છે, અને એ જ જૈન ધર્મના આચારની વિશિષ્ટતા છે.

એ જ પ્રમાણે એનું સત્યવ્રત પણ વસ્તુનું કેવળ યથાસ્થિત વકતવ્ય કરવામાં જ સમાઈ જતું નથી. એને માટે વિધાન કરવામાં આવ્યું છે કે બોલવામાં પણ પ્રિય, પથ્ય અને તથ્ય એ ત્રણ ગુણોનો સમાવેશ થાય તેવા જ વચનનું ઉચ્ચારણ કરવું. જે તથ્ય હોય પણ અપ્રિય અથવા અપથ્ય હોય એવા શબ્દોના ઉચ્ચારણનો પણ નિષેધ કરવામાં આવ્યો છે.

ત્રીજા અસ્તેયવ્રતને અદત્તાદાન વિરમરણવ્રત પણ કહેવામાં આવ્યું છે અને આ વ્રતનીતિ શીખવે છે કે અદત્તના આદાન એટલે કે ગ્રહણથી અટકવું. એનો અર્થ એ થયો કે જ્યાંસુધી કોઈ ચીજ એના સ્વામી તરફથી આપવાની બુદ્ધિથી ન મળતી હોય તો તેવી વસ્તુના ગ્રહણનો પણ નિષેધ કરવામાં આવ્યો છે. આ વ્રતનું પાલન કરનાર રસ્તામાં પડેલી ચીજ જેને અંગ્રેજીમાં Res Nullius કહેવામાં આવે છે એટલે કે જેનો કોઈ સ્વામી નથી એવી વસ્તુનું ગ્રહણ નહિ કરે; ત્યાં લાંચરુશવતની, લૂંટફાટની કે ચોરીની તો વાત જ ક્યાંથી હોય? આમાં પ્રમાણિકતાનું ભારોભાર વિધાન છે અને ન્યાયપૂર્વક જ દ્રવ્ય સંપાદન કરવું જોઈએ એવું ચોક્કસ કથન છે.

એ જ પ્રમાણે જાતિવિષયક વ્રત અંગે સાધુઓ માટે સંપૂર્ણ બ્રહ્મચર્યનું વિધાન કરવામાં આવ્યું છે. જ્યારે ગૃહસ્થના આચારમાં સ્વદારા સંતોષ વ્રતના પાલનનું વિધાન છે અને પરદારાગમન, ઇતર ગૃહીતાગમન અથવા અપરિગ્રહિતાગમનનો નિષેધ કરવામાં આવ્યો છે.

પાંચમું વ્રત તે અપરિગ્રહવ્રત. પરિગ્રહ એટલે મૂર્છા અથવા મમતા. કોઈપણ દ્રવ્ય વિષે સામાન્ય જરૂરિયાત ઉપરાંત મમતા રાખી તે વસ્તુનો સ્વાર્થભાવે સંગ્રહ કરવો અને મમત્વ-ભાવે બીજાને એનો ઉપયોગ કરવા ન દેવો એનો આ વ્રતમાં નિષેધ છે. આજની સંગ્રહખોરી, દ્રવ્યપ્રાપ્તિ માટેની આજના યુગની ઘેલછા અને લોભ અને એકલપેટાપણા જેવા વ્યકિતગત તેમજ રાષ્ટ્રોના દોષોના ઉન્મૂલનનું તત્ત્વ આ વ્રતમાં છે. એમાં live and let live तेन त्यक्तेन भुंजीथा: બીજાને આપીને ભોગવો-એ મહાન ભાવનાનું પોષણ છે. એમાં પોતાની રિદ્ધિઓનો ઉપયોગ બીજાને માટે કરવાનું શાસન છે.

આજની વિશ્વની પરિસ્થિતિમાં આ વ્રતનું સમજણપૂર્વક રાષ્ટ્ર અને વ્યકિત આચરણ કરે તો એમાં વિશ્વના સુખની ચાવી છે.

આ પાંચ વ્રતને વિસ્તારી (૧) ક્ષમા (૨) મૃદુતા (૩) ઋજુતા (૪) નિર્લોભપણું (૫) સત્ય (૬) સંયમ (૭) તપ (૮) ત્યાગ (૯) અકિંચન્ય અને (૧૦) બ્રહ્મ-ચર્ય એમ દશ પ્રકારના આચારને પણ ધર્મ તરીકે વર્ણવ્યા છે. અને ગૃહસ્થના વ્રતની પુષ્ટિ અર્થે ગુણવ્રત અને શિક્ષાવ્રત પણ છે. આ સર્વ આચારનું વિસ્તારથી વિવરણ કરવાનો સમય નથી છતાં એક વસ્તુ વિષે કહું તો તે અપ્રસ્તુત નહિ ગણાય, અને એ છે ક્ષમા ગુણના વિધાન વિષે. આ ક્ષમા ગુણના હાર્દમાં પ્રેમની પરાકાષ્ટા છે, લઘુતાના ગુણનો વિકાસ છે, ઔદાર્યની ભાવના છે. અને એ ભાવનાને એટલી મહત્ત્વની ગણવામાં આવી છે કે એ ગુણના પોષણ અર્થે સાંવત્સરિક ક્ષમાપના પર્વની ઉજવણી જૈનોએ રાખી છે. એ દર વર્ષે નિશ્ચિત દિવસે ઉજવાય છે. એ પ્રસંગે ગત વર્ષમાં થયેલા એકબીજા પ્રત્યેના દોષોની ક્ષમાપના કરવામાં અને forgive and forget ક્ષમા અને વિસ્મરણની અતિ ઉદાત્ત ભાવનાનું પુનરાવર્તન કરી વિશ્વપ્રેમનું આહ્વાન કરવામાં

(અનુસંધાન પાનું ૧૪૨)

## ● સમાચાર સાર ●

❋ તા. ૨૦-૧-૬૮ શનિવારે બપોરે ત્રણ વાગે પૂ. ગુરુદેવની નિશ્રામાં સ્વ. શ્રી પ્રાણલાલ મકનજીના સુપુત્ર શ્રી ભગવાનદાસભાઈ તરફથી બઝારગેટ સ્ટ્રીટમાં આવેલ નવા મકાનમાં સિદ્ધચક્રપૂજન રાખવામાં આવ્યું હતું, જેનો લાભ હજારો ભાઇબહેનોએ લીધો હતો.

❋ શ્રી મહાવીર જૈન વિદ્યાલયના સુવર્ણ મહોત્સવ પ્રસંગે તા. ૨૭-૧-૬૮ના શનિવારના રોજ બપોરે ત્રણ વાગે ગોવાળિયા ટેંકના મેદાનમાં એક મુખ્ય સભા મળેલી, જે સભાના પ્રમુખ શેઠ માણિકલાલ ચુનીલાલ હતા અને અતિથિવિશેષ મુંબઈ યુનિવર્સિટીના રેકટર શ્રી જી. ડી. પરીખ હતા.

સભાને સંબોધતાં પૂ. ગુરુદેવે જણાવ્યું હતું કે આજે એકવીસ લાખના લક્ષ્યાંકને વટાવીને પચ્ચીસ લાખ રૂપિયા જેવી રકમ એકત્ર કરી એ એના કાર્યકરોની કુશળતાનું અને વિદ્યાલયના કાર્યની મહત્તાનું પરિણામ છે. જૈન સમાજમાં દાતાઓની કમી નથી. આ દાનના પ્રવાહને સાચી દિશામાં વાળવા માટે આચાર્ય મહારાજો તથા મુનિરાજોની દોરવણી મળે તો જ આ કામ સરળ બને. સંસ્થામાં રહેતા વિદ્યાર્થીઓને વિદ્યાભ્યાસની સગવડ સાથે વાત્સલ્ય મળી રહે એ માટે વાલીઓનો વર્ગ ઊભો કરવાનું અને દરેક વાલી એક એક વિદ્યાર્થીને પોતાના પુત્ર તરીકે એના પ્રત્યે વાત્સલ્ય દર્શાવે અને એની સંભાળ રાખે એવી પ્રથા શરૂ કરવા અંગેનું સૂચન કર્યું હતું.

અન્ય મુનિરાજ તથા સાધ્વીજીઓએ પણ પ્રાસંગિક પ્રવચન આપેલાં હતાં.

અન્ય વિદ્વાનોની હાજરીમાં આ પ્રસંગે થયેલા દળદાર ગ્રંથના પ્રકાશનનો ઉદ્ઘાટન વિધિ કરતાં અતિથિવિશેષ શ્રી પરીખે બહુ જ મહત્વપૂર્ણ પ્રવચન કર્યું હતું.

❋ તા. ૪-૨-૬૮ના રવિવારે શ્રી કોટ શાંતિનાથ જૈન દેરાસરના ટ્રસ્ટી શ્રી ગુલાબચંદભાઇ ફૂલચંદભાઈના નવા બ્લોકના વાસ્તુ પ્રસંગે બોરાબજાર સ્ટ્રીટમાં સવારે 'અતૃપ્તની તૃપ્તિ' ઉપર પૂ. ગુરુદેવનું પ્રવચન રાખવામાં આવેલું અને બપોરે પૂ. ગુરુદેવની નિશ્રામાં વાસ્તુ પૂજા રાખવામાં આવેલી. ત્યાંથી પૂજ્ય ગુરુદેવ કોટના શ્રી શાંતિનાથ જૈન દેરાસરના ઉપાશ્રયે પધાર્યા છે.

❋

(અનુસંધાન પાન ૧૪૧ પરથી)

આવે છે. આ પ્રકારનું વિધાન પર્વ તરીકે કોઇ પણ ધર્મમાં હોય તો કેવળ જૈન ધર્મમાં જ દૃશ્યમાન થાય છે. આ પર્વ જેટલે અંશે વિશ્વમાં સહૃદયતાથી ઉજવાશે એટલે અંશે વિશ્વમાં પ્રેમ અને શાંતિની ભાવના પ્રગતિ કરશે.

અંતમાં ઉપસંહારમાં કહું તો અહિંસા એટલે વિશ્વપ્રેમ એ જ પરમ ધર્મ છે. એ જૈન ધર્મની નીતિનું પાયાનું સૂત્ર છે. એ પાયા ઉપર ક્રોધ, માન, માયા અને લોભ વિહોણું, સત્ય અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહરૂપ શુભ ચારિત્ર્યનું ઘડતર એજ જૈન ધર્મની નીતિનું ઘડતર અને શિક્ષણ છે.

(ઓલ ઇન્ડિયા રેડિયોના સૌજન્યથી પરદેશમાં વસતા ભારતવાસીઓ માટેના કાર્યક્રમમાં તા. ૩-૧-૬૧ના રોજ આપેલ રેડિયો વાર્તાલાપ.
– ન્યાયમૂર્તિ પ્ર. સુ. બદામી.)

# Manly Endeavour

Means are for the soul, not indeed, the soul for the means. To cast off courageously those means which stand as impediments to the larger development of our Being, calls for a manly endeavour indeed!

From 'Lotus Bloom'
**by Chitrabhanu**

### * પુરુષાર્થ *

આત્મા માટે સાધનો છે, સાધનો માટે આત્મા નથી જ. જે સાધનો આત્મવિકાસમાં બંધનકારક હોય તેને હિંમતપૂર્વક ફગાવવાં એનું જ નામ વીર્યવાન પુરુષાર્થ !

**'સૌરભ'માંથી**




**: હેડ ઓફિસ અને ફેકટરી :**
ઈન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ, લાલબાગ, મુંબઇ - ૧૨
ફોન : ૩૭૬૬૯૦, ૩૭૨૭૫૩

# ★ વેણુ અને વીણુ ★

## ખલીલ જિબ્રાન

તમારી જાતને તમે જાણતા હો તે પ્રમાણેજ તમે બીજાનો ન્યાય તોળવાના. તો મને કહો, આપણામાંથી કોણુ દોષિત છે ને કોણુ નિર્દોષ?

❋

ખરો ન્યાયી તો એ છે જે તમારા અપકૃત્યો બદલ અર્ધો જવાબદાર પોતાનેયે લેખે છે.

❋

મારે કોઈ દુશ્મનો નથી, છતાં અય ખુદા! મને જો કોઇ દુશ્મન આપે તો એને પણ મારા જેટલો જ બળિયો બનાવજે, જેથી વિજય કેવળ સત્યનો જ થાય.

❋

દયા એ તો માત્ર અર્ધ ન્યાય છે.

❋

ઘણીયેવાર સ્વબચાવમાં મેં ધિક્કારનો આશ્રય લીધો છે, પણ હું જરાક વધુ સશક્ત હોત તો આવું શસ્ત્ર મેં ન વાપર્યું હોત.

❋

માત્ર મારાથી નીચી કક્ષાના જ મારી ઇર્ષા કરે કે મને ધિક્કારે. નથી કોઇએ કદી મારી ઈર્ષા કરી કે નથી મને ધિક્કાર્યો. કારણુકે કોઈથી હું ઊંચો નથી. માત્ર મારાથી ઊંચી કક્ષાના જ મારી પ્રશંસા કે અનાદર કરી શકે. નથી કોઇએ કદી મારી પ્રશંસા કરી કે નથી અનાદર કર્યો. કારણુકે હું કોઇથી નીચો નથી.

❋

તમે ચાલની મંદતાની દયા ખાશો, પણુ વિચારની મંદતાની નહિ, અને ચક્ષુહીનની દયા ખાશો પણુ હૃદયહીનની નહિ. કેવું વિચિત્ર!

❋

જિંદગી એક જુલુસ છે. ધીમે ચાલનારને એ ખૂબ વેગીલું લાગે છે અને ઝડપી ચાલનારને એ ખૂબ ધીમું લાગે છે અને તે પણુ તેમાંથી નીકળી જાય છે.

❋

બંદીઓ તો આપણે બધા જ છીએ, પણુ કેટલાકની કોટડી બારીઓ વાળી છે, તો કેટલાકની બારીઓ વિનાની.

❋

અજબ જેવું છે: આપણાં સાચાં કામ કરતાં ખોટા કામનો બચાવ આપણે સહુ વધુ જુસ્સાથી કરીએ છીએ.

❋

બીજાના દોષો વિષેની સભાનતા કરતાં વધુ મોટો દોષ બીજો કયો?

❋

બીજો તમારી હાંસી ઉડાવે તો તમે એની દયા ખાઇ શકો છો, પણુ તમે એની ઠેકડી ઉડાવો તો તમારા પંડને તમે કદી માફ ન કરો. બીજો તમને ઈજા કરે તો તમે એ ભૂલી જાઓ, પરંતુ તમે એને ઇજા કરો તો તમારાથી ભૂલ્યું નહિ ભૂલાય. તમને એ રોજ યાદ આવશે. વસ્તુતઃ એ બીજી વ્યક્તિ એ તો બીજા ખોળિયામાં રહેલો તમારો જ અત્યંત સંવેદનશીલ આત્મા છે.

❋

ધિક્કાર એ તો નિર્જીવ શબ્દ છે; તમારામાંથી કોને એની કબર બનવું છે?

❋

માનવતાનું ન્યાયમંદિર તો તેના નિઃશબ્દ હૈયામાં છે, વાચાળ મનમાં કદી નહિ.

❋

તેઓ મને મૂરખ માને છે કારણુકે મારું જીવતર હું સોના સાટે વેચતો નથી. અને તેમને હું ગાંડા ગણું છું કારણુકે તેઓ ધારે છે કે મારા દિવસો ખરીદી શકાય તેમ છે.

❋

સ્વપ્નો અને સ્પૃહા વિનાના નરશ્રેષ્ઠ થવા કરતાં સ્વપ્નોવાળા અને તે સિદ્ધ કરવાની સ્પૃહાવાળાઓમાંના એક અદના આદમી થવાનું મને તો ગમે.

❋

આપણી સઘળી સૂકી ડાળોને તોડી પાડનાર નિઃશબ્દ તૂફાન એટલે એકાન્ત. છતાં આપણાં સજીવ મૂળિયાંને જીવંત ધરાના ધબકતાં હૈયામાં એ જ ઊંડે ને ઊંડે ઉતારે છે.

❋

મુદ્રક, પ્રકાશક અને માનાર્હ સંપાદક શ્રી ચંદુલાલ ટી. શાહે, લિપિની પ્રિન્ટરી મુંબઈ નં. ૨ માં છપાવી, ડીવાઇન નોલેજ સોસાયટી (દિવ્ય જ્ઞાન સંઘ) માટે લેંટીન ચેમ્બર્સ, દલાલ સ્ટ્રીટ, મુંબઇ નં. ૧ માંથી પ્રગટ કર્યું છે.